
સંયુક્ત રાષ્ટ્ર
અન્ન અને
કૃષિ સંગઠન

# જવાબદારી પૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર સંહિતા શું છે ?



# જવાબદારી પૂર્ણ
# મત્સ્યોદ્યોગ
# માટેની
# આચાર સંહિતા
# શું છે ?


સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠન
રોમ, ૨૦૦૧

આ માહિતી પુસ્તિકામાં વાપરેલા હોદ્દા અને સામગ્રીની રજૂઆત કોઇ દેશ, પ્રદેશ, શહેર અથવા વિસ્તાર અથવા તેના સત્તાતંત્રને લગતા, અથવા તેની સીમા કે સરહદના સીમાકરનને લગતા સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનના પક્ષે કોઇ અભિપ્રાયના કથનનું સૂચન કરતાં નથી.

આઈ એસબી એન ૯૨-૫-૧૦૪૫૪૧-ઓ.

બધા હક્ક અનામત છે. શૈક્ષણિક કે અન્ય બિન-વાણિજિયક હેતુ માટે આ માહિતી પુસ્તિકાની સામગ્રીના પુનઃ મુદ્રણ અને પ્રસાર માટે, પ્રાપ્તિ સ્થાનનો સંપૂર્ણપણે સ્વીકાર કરવામાં આવે તો કોપીરાઇટ ધરાવનારની પૂર્વ લેખીત મંજુરી વિના તેમ કરવાનો અધિકાર છે. ફેરવિચારણા અથવા અન્ય વાણિજ્યિક હેતુ માટે આ માહિતી પુસ્તિકાની સામગ્રીનું કોપીરાઇટ ધરાવનારાની લેખીત પરવાનગી વિના પુનઃમુદ્રણ કરવાની મનાઈ છે. આવી પરવાનગી માટેની અરજી મુખ્ય અધિકારી (ચિફ) પ્રકાશન અને મલ્ટી મિડિયા સર્વિસ, માહિતી પ્રભાગ, અન્ન અને કૃષિ સંગઠન, વિયલે ડિલે ટર્મી ડી મરાકેલિયા. ૦૦૧૦૦, રોમ, ઇટાલી અથવા ઈમેઇ દ્વારા કોપીરાઇટ :- Fao.org ને

**© FAO 2001**

# જવાબદારી પૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતા શું છે ?

મત્સ્યોદ્યોગ (જેમાં મત્સ્ય સંગ્રહ સ્ટોકની વ્યવસ્થા, ઉતાર (માછલા પકડવાં) માછલીના સંગ્રહની પ્રક્રિયા, ખરીદ-વેચાણનો સમાવેશ થાય છે.) અને જળચર પાલન (મત્સ્ય ઉછેર) વિશ્વભરના લોકો માટે ખોરાક, રોજગાર આવક અને મનોરંજનનું અગત્યનું સાધન પુરૂ પાડે છે. લોખો લોકો તેમના જીવનનિર્વાહ માટે માછલાં પર આધાર રાખે છે. જો ભાવિ પેઢી માટે પુરતાં માછલાં હોવા જોઈએ તો માછલાં પકડવામાં સામેલ દરેક વ્યકિતએ વિશ્વના મત્સ્યોદ્યોગની જાળવણી અને વ્યવસ્થા માટે મદદ કરવી જોઈએ.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર અને કૃષિ સંગઠન (FAO) ના ૧૭૦ થી વધુ સભ્યોએ ૧૯૯૫ માં જવાબદારી પૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર સંહિતા અપનાવી હતી. સંહિતા ફરજિયાત નથી પરંતુ મરજિયાત છે અને તેઓ અંતર્દેશીય વિસ્તારો કે સમુદ્રમાં આવેલા છે. તે ધ્યાનમાં લીધા સિવાય મત્સ્યોદ્યોગ અને જળચર પાલનમાં કામ કરતા અને તેની સાથે સંકળાયેલા દરેક જણ તેનું લક્ષ્ય છે. કારણ કે સંહિતા મરજિયાત હોઈ મત્સ્યોદ્યોગ અને જળચરપાલનમાં કામ કરતાં બધા લોકો તેના સિદ્ધાંતો અને ઉદેશોનો તેઓ પોતે સ્વીકાર કરે અને અમલમાં મુકવા વ્યવહારુ પગલાં લે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે.

આચારસંહિતા જેમાં કાર્ય માટેના સિદ્ધાંતો, ધ્યેયો અને તત્વોના સમુહનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે તૈયાર કરવામાં બે વર્ષ કરતાં વધુ સમય ગયો છે. સંયુક્ત રાષ્ટ્ર અને કૃષિ સંગઠન, આંતર–સહકારી સંસ્થાઓ, મત્સ્યોદ્યોગ અને બિન સરકારી સંસ્થાઓના સભ્યોના પ્રતિનિધિઓએ સંહિતા અંગે સહમતી સાધવામાં દીર્ઘ અને સખત કામગીરી કરે છે. તેથી એ મત્સ્યોદ્યોગ અને જળચર પાલનમાં સંકળાયેલા કેટલાયે વિવિધ જૂથોના પ્રયાસોનું પરિણામ છે. આ બાબતમાં સંહિતા મત્સ્યોદ્યોગ અને જળચર પાલનમાં મુદાની વિસ્તૃત ક્ષેત્ર અંગે વૈશ્વિક સર્વાનુમતી કે સહમતી દર્શાવી છે.

તેમના ઉદ્યોગો અને મચ્છીમારી સમુદાયોના સહકારથી સંહિતા અમલમાં મુકવાની જવાબદારી સરકારોની છે. સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનની કામગીરી તેમની પ્રવૃતિઓને ટેકનિકલ રીતે સહાય કરવાની છે. પરંતુ અમલીકરણ માટે તેની પ્રત્યક્ષ

જવાબદારી નથી. કેમ કે રાષ્ટ્રીય મત્સ્યોદ્યોગ નીતિના વિકાસ અને અમલ માટેની જવાબદારી સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનની નથી આ અંગેની સંપૂર્ણ જવાબદારી સરકારની છે.

સરકાર જ્યારે રાષ્ટ્રીય મત્સ્ય નીતિ અને કાયદામાં તેના સિધ્ધાંતો અને ઉદ્દેશોનો સમાવેશ કરી શકશે ત્યારે સંહિતાનો અમલ ઘણી અસરકારક રીતે હાંસલ થશે. આ નીતિઓ અને કાનુની ફેરફારો માટેનું સમર્થન સુનિશ્ચિત કરવા સરકારોએ તેમના સમર્થન અને સ્વૈચ્છિક પાલનને પ્રોત્સાહન આપવા ઉદ્યોગ અને અન્ય જૂથો સાથે ચર્ચા-વિચારણા કરવા પગલાં લેવા જોઇએ. વધુમાં, આચાર સંહિતાના ધ્યેય અને હેતુઓને સુસંગત અને સહાય રૂપ હોય એવી સારી પદ્ધતિના નિયમો વિકસાવવા મચ્છીમારી સમુદાયો અને ઉદ્યોગને સરકારોએ પ્રોત્સાહિત કરવા. સારી પદ્ધતિના આ નિયમો સંહિતાના અમલીકરણને પ્રોત્સાહિત કરવાનો બીજો મહત્વનો માર્ગ છે.


આ પુસ્તિકાનો હેતુ આચાર સંહિતાના કેટલાક અગત્યના પાસાની બિન ટેકનીકલ રીતે છણાંવટ કરવાનો છે. આ માહિતી લોકોને સંહિતાના ધ્યેય અને હેતુ પ્રત્યે વધુ જાગૃત બનાવશે. અને તે નાના પાયા કે મોટા પાયાના સ્વરૂપના છે તે ધ્યાનમાં લીધા સિવાય તમામ મત્સ્યોદ્યોગમાં અને જળચર પાલનમાં તેનો અમલ કરવા તેમને પ્રોસ્તાહિત કરશે એવી આશા છે. આ પુસ્તિકા આચાર સંહિંતાનું સ્થાન લેતી નથી પરંતુ તેના વેશે વધુ માહિતી ઉપલબ્ધ કરાવી આપવાનો સાદો પ્રયાસ છે.

સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠને આ સહિંતાનુ તેની પાંચ સત્તાવાર (ઓફીસિયલ)ભાષા અરબી,ચીની,અંગ્રેજી,ફ્રેન્ચ અને સ્પેનિશમાં ભાષાંતર કર્યું છે. ઉપરાંત સરકારો, ઉદ્યોગ અને અન્ય સંગઠનોએ આવો નિયન કોએશિયન, ઈસ્ટોનયન, ફારસી, જર્મન, આઈલેન્ડિક, ઈન્ડોનેશિયન, ઇટાલીયન, જાપાનીઝ, પોલીશ, રશિયન, સિંહાલીઝ, સ્લોવેનિયન, તામિલ, થાઈ અને ટાઈગ્રિના સહિત અન્ય ભાષાઓમાં આ સહિંતાનું બિનસત્તાવાર ભાષાંતર કર્યુ છે. આમાની કેટલીક ભાષાનો પાઠ ઈન્ટરનેટ પર સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનના મત્સ્યોદ્યોગ વિભાગની વેબસાઈટ પર મળી શકશે.

જે લોકો સહિંતા વિશે વધુ જાણકારી મેળવવા તથા પાઠની નકલ મેળવવા ઈચ્છે છે તેઓ ઈન્ટરનેટ પર સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનના મત્સ્યોદ્યોગ વિભાગની વેબ સાઈટની મુલાકાત લે, વેબસાઈટના સરનામાં નીચે પ્રમાણે છે.

http ://www.fao.org/fi/agreem/codecond/codecon.asp.

તમે ઈન્ટરનેટનું જોડાણ ન સાધી શકતા હોય તો નકલ માટે ચિફ ઓફ સર્વિસ, ઓફ આઈપીએલ મત્સ્યોદ્યોગ વિભાગ, અન્ન અને કૃષિ સંગઠન વિઆલે ડિલે, ટમી દી કેરાકેલ્લા, ૦૦૧૦૦, રોમ, ઇટાલીનો સંપર્ક સાધો. તમારે અરબી, ચીની, અંગ્રેજી, ફ્રેન્ચ અથવા સ્પેનિશમાં સંહિતા જોઇએ છે તે ચોક્કસ જણાવશો.



## પ્રાશ્વૅભૂમિકા


ભાવિ પેઢી માટે મત્સ્યના ઉત્તમ શક્ય પુરવઠાની બાંહેધરી આપવા આચારસંહિતામાં, મત્સ્યોદ્યોગ અને જળચર પાલનનાં સંકળાયેલ દેશો અને બધાઓએ મત્સ્ય સાધનો અને તેમના વસવાટ સ્થાનની જાળવણી અને વ્યવસ્થા કરવા સાથે મળીને કામ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. અત્યારે અને ભવિષ્ય બંને સમયમાં વાજબી પ્રમાણમાં માછલાં પકડી શકાય એવા સ્તરે મત્સય સ્ટોક જાળવવા અને તાસવી રાખવા માટે મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ તમામ લોકોએ જહેમત ઉઠાવવી જોઇએ. માછલાં પકડવાના આ સ્તરને વર્ણવવા ઘણીવાર અધિક્તમ ઉપલબ્ધ ઉપજ એ શબ્દ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે. આનો અર્થ એ કે સાધનની જાળવણી સત્તત ખાદ્ય પૂરવઠો અને મચ્છીમારી સમુદાયોની ગરીબી નિવારણની ખાતરીનાં સાધનો તરીકે મત્સ્ય સાધનોનો લાંબા ગાળાનો સ્થિર ઉપયોગ હાંસલ કરવાના દ્રષ્ટિબિંદુથી દેશની મત્સ્ય કામગીરી અને નીતિઓ તૈયાર કરવી જોઇએ.

તેથી, આચાર સંહિતાનો વાસ્તવિક હેતુ આ ધ્યેય હાંસલ કરવા તેમના મત્સ્યોદ્યોગ અને જળચર પાલનના વિકાસ અથવા સુધારણા માટે દેશો અથવા દેશોના જુથોને સહાય કરવાનો છે.

એ જાણીતુ છે કે સારી મત્સ્યોદ્યોગ નીતિના વિકાસ માટે નાણાં, કૌશલ અને અનુભવ જરૂરી છે જે હંમેશા વિકસતા દેશો અને ખાસ કરીને ઓછા વિકસિત દેશોમાં અને નાના ટાપુ દેશોમાં ઉપલબ્ધ હોઈ શકે નહિ. આચાર સંહિતા સંયુક્ત રાષ્ટ્ર અને કૃષિ સંગઠન જેવા આંતર રાષ્ટ્રીય સંગઠનોને મત્સ્યોદ્યોગ અને જળચર પાલનના વિકાસ અને સમર્થન વિકસાવવા આ દેશોને સહાય કરવા પ્રોત્સાહિત કરે છે.

સંહિતા મત્સ્યોદ્યોગની જવાબદારી સાથે કેવી રીતે વ્યવસ્થા કરવા અને માછલાં પકડવાની કામગીરીનું પોતાની જાતે કેવી રીતે સંચાલન કરવું એવી છણાવટ કરે છે. તે પછી તે જળચર પાલનના વિકાસ, મત્સ્યોદ્યોગને અન્ય દરિયાકાંઠાના વિસ્તારની પ્રવૃતિઓ સાથે સાંકળવો અને પકડેલા માછલાંની પ્રક્રિયા અને વેચાણનું વર્ણન કરે છે. મત્સ્યોદ્યોગના તમામ પાસાઓમાં એક બીજાને સહાકાર આપતા દેશોના મહત્વ પર સંહિતામાં મુખ્ય ધ્યાન આપવામાં આવ્યું છે.

સંહિતા અમલમાં મુકવા માછીમારો, ઉદ્યોગ અને સરકારોએ જરૂરી વ્યવહારું કાર્યવાહી કેવી રીતે કરવી તે ચોક્કસપણે સંહિતામાં સમજાવ્યું નથી. આ કારણ સર સંયુક્ત રાષ્ટ્ર રાજ્ય અને કૃષિ સંગઠન સંહિતાના અમલીકરણમાં સહાય કરવા વિવિધ વિષયો અને વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ વિકસાવી રહ્યુ છે. આ માર્ગદર્શક સૂચનાઓનો હેતુ સંહિતા જે રીતે સુનિશ્ચિત કરવા લઇ શકાય એવાં પગલાં અંગે માછીમારો, ઉદ્યોગ અને મત્સ્યોદ્યોગ મેનેજરોને વ્યવહારૂ અને ટેકનિકલ સહાય આપવાનો છે.



## મત્સ્યોદ્યોગ વ્યવસ્થા

પોતાના મત્સ્યોદ્યોગની વ્યવસ્થા કરવા દેશો પાસે સ્પષ્ટ અને સુવ્યવસ્થિત મચ્છીમારી નીતિ હોવા વિશે સંહિતા હિમાયત કરે છે. આ નીતિઓ, મત્સ્યોદ્યોગ, મત્સ્ય

કામદારો, પર્યાવરણલક્ષી જૂથો અને અન્ય હિત ધરાવતા સંગઠનો સહિત મત્સ્યોદ્યોગમાં હિત ધરાવતા બધા જુથો સહકારથી વિકસાવવી જોઈએ.

મત્સ્યોદ્યોગના સાધનોના દેશો વચ્ચે સહિયારો ઉપયોગ કરવાને કારણે મત્સ્ય જાણવણી અને વ્યવસ્થા અંગે દેશો વચ્ચે સહકાર જરૂરી છે ત્યાં સંહિતા નવા પ્રાદેશિક મત્સ્ય સંગઠનોની સ્થાપના કરવા અથવા ચાલુ સંગઠનોને સંગીન બનાવવા સૂચવે છે. આ પુસ્તિકાના અગાઉના ભાગમાં ચર્ચા કરવામાં આવેલ લાંબા ગાળાના ધ્યેય હાંસલ કરવા આ રીતનો સહકાર એક માત્ર વાસ્તવિક અભિગમ છે. પ્રાદેશિક મત્સ્ય સંગઠનોની કામગીરીનો, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રિય સહકારને લગતાં વિભાગમાં વધુ વિચાર કરવામાં આવ્યો છે.

દરેક સ્તરે મચ્છીમારી ઉદ્યોગ સ્પષ્ટ મત્સ્યોદ્યોગ વ્યવસ્થા અને કાનુની માળખામાં કાર્ય કરે  એ મહત્વનું છે જેથી મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ દરેકને પાલન કરવાના નિયમોની સ્પષ્ટ સમજણ હોય.

પર્યાવરણ પર ઓછામાં ઓછી નકારાત્મક અસર કરે બગાડ ઓછો થાય અને પકડેલ માછલાંની ગુણવત્તા જળવાઈ રહે એ રીતે માછલાં  પકડવાની  અને મત્સ્ય પ્રક્રિયા હાથ ધરવામાં આવે એ સુનિશ્ચિત કરવા મત્સ્યોદ્યોગની કામગીરીનો રેકર્ડ રાખવો. ઉલલંઘન કરનારા નક્કી કરવા માટેની અને શિક્ષા કરવા માટેની કાર્યપદ્ધતિવાળા અમલમાં મુકી શકાય તેવા કાનૂનો સરકારો પાસે હોવા જોઈએ, ઉલ્લંઘન બદલની શિક્ષામાં દંડ આવા ઉલ્લંઘન ગંભીર હોય તો માછલાં પકડવાનું લાયસન્સ નાબુદ કરવાનો પણ સમાવેશ કરી શકાશે.

મત્સ્યોદ્યોગની નીતિ વિકસાવતી વખતે સંખ્યાબંધ મુદ્દા અંગે વિચારણા કરવાનું મહત્વનું છે. આમાં, બીજી બાબતોની સાથેં માછલાં પકડવાનું ખર્ચ અને લાભ માછલાં પકડવાની પર્યાવરણલક્ષી અને સામાજિક અસરોનો સમાવેશ થાય છે.

આ નીતિઓ તૈયાર કરવામાં, આમા કરવું ઉચિત હોય ત્યાં પરંપરાગત માછલાં પકડવાની પદ્ધતિઓ અને જાણકારી ધ્યાનમાં રાખતી વેળાએ ઉપલબ્ધ ઉત્તમ વૈજ્ઞાનિક માહિતીનો દેશોએ ઉપયોગ કરવો જોઈએ. પુરતી વૈજ્ઞાનિક માહિતીની ગેરહાજરીમાં માછલાં પકડવાની મર્યાદા નક્કી કરવામાં દેશોએ વધુ સાવચેતીથી કામ કરવું.

મચ્છીમારી સાથે સંબંધ ધરાવતા બધા લોકો અને સંગઠનોને મચ્છીમારીના મુદાઓ અંગે તેમના દ્રષ્ટિબિંદુ અને મંતવ્યો જણાવે એ માટે પ્રોત્સાહિત કરવા. પોતાના જીવનનિર્વાહ માટે મત્સ્યોદ્યોગ પર આધાર રાખતા સ્થાનિક લોકોની જરૂરિયાતો અંગે ખાસ ધ્યાન આપવું.હાલમાં અને ભવિષ્યમાં સ્થિર મત્સ્યોદ્યોગની ખાતરી માટે નીતિઓ વિકસાવવા અને અમલમાં મુકવા તેઓને સામેલ કરી શકાય એ માટે માછીમારો અને મત્સ્ય ઉછેરકોને શિક્ષણ અને તાલીમ આપવા દેશોએ ભારે પ્રયાસો કરવા જોઈએ.

મત્સ્ય સાધનોના રક્ષણ માટે વિસ્ફોટન, ઝેર ભેળવવું અને અન્ય વિનાશક મત્સ્ય પ્રથાનો બધા દેશોમાં પ્રતિબંધ હોવો જોઈએ.

માછલાં પકડવાના જહાજોને જ પોતાના જળ વિસ્તારમાં માછલાં પકડવાની પરવાનગી આપવામાં આવે એ દેશોએ સુનિશ્ચિત કરવું. આવી મચ્છીમારી જવાબદારી રીતે અન ેદેશ દ્વારા લાગુ પાડવામાં આવે એવા કોઈ નિયમો, વિનિયમો કે કાયદા અનુસાર કરવામાં આવે.

વધુ પડતા માછલાં પકડવાનું અટકાવવા (ભવિષ્યમાં મત્સ્ય સ્ટોક ઓછો થાય એટલાં બધાં માછલાં પકડવાં) માછલાં પકડવાના જહાજનું કદ કુદરતી મત્સ્ય પુરવઠા માટે વધુ મોટું ન હોવું જોઈએ. આ ઉપરાંત. માછલાં પકડવાના (ફિશિંગ) ગિયરની પર્યાવરણની અસરો (ઉ.ત. પરવાળા (કોરલ રીફ) પર અસરો) નવા માછલાં પકડવાના ગિયરનો ઉપયોગ કરતાં પહેલાં સમજવા જોઈએ. માછલાં પકડવાની પદ્ધતિ અને ગિયર પસંદગીના હોવા જોઈએ અને બગાડ ઓછામાં ઓછા થાય અને છટકી ગયેલાં માછલાં માટેનો જીવિત દર ઉચો રહે એવા તૈયાર કરવા જોઈએ. ગિયરમાં જરૂરી ન હોય (બિન લક્ષ્યાંકિત અથવા પકડવાના હોય તે સિવાયના (By catch) (માછલાં) અથવા જોખમી હોય તેવી માછલાંની જાતો પણ ઓછામાં ઓછી પકડવી જોઈએ. માછલાં પકડવાના ગિયર અને માછલાં પકડવાની પદ્ધતિ જે પસંદગીની ન હોય અથવા જેનાથી બગાડનું પ્રમાણ ઉંચું હોય તે તબક્કાવાર બંધ કરવા.

જહાજનો પુરવઠો બગાડ અને કચરો ઓછામાં ઓછા કરે એ ધ્યાનમાં રાખીને ખરીદ કરવો જોઈએ. માછલાં પકડવાના જહાજના માલિક અને ખલાસીગણે બગાડના નિકાલથી વિશેષ પ્રદુષણ ન થાય એની ખાતરી કરવી જોઈએ.


હવાની ગુણવત્તા જાળવવા દેશોએ, કેટલાંક માછલાં પકડવાના જહાજોની રેફ્રિજરેશન પદ્ધતિમાં જણાવેલ બહાર નીકળતા જોખમકારક વાયુ અને ઓઝોન ઓછો

કરતાં પદાર્થો છોડવાનું પ્રમાણ ઓછુ કરે એવા ઉદેશવાળી માર્ગદર્શક સુચનાઓ અપનાવવી, આ પદાર્થો તબક્કાવાર બંધ કરવા જોઈએ.

વેટલેન્ડ મેન્ગ્રોવ, રીફ અને લગૂન જેવા અગત્યનાં મત્સ્ય સ્થાનોનું વિનાશ અને પ્રદુષણથી રક્ષણ કરવું જોઈએ જ્યાં કુદરતી વિનાશ મત્સ્ય સાધનોને નુકશાન કરે ત્યાં દેશોએ જરૂરી જણાય ત્યારે તાકીદનાં સંરક્ષણ અને વ્યવસ્થા પગલાં લેવા તૈયારી રાખવી જોઈએ.

## ધ્વજ (ફ્લેગ) દેશો

પોતાના જળવિસ્તાર બહાર માછલાં પકડતા માછલાં પકડવાના જહાજો ધરાવતા દેશોની એ સુનિશ્ચિત કરવાની જવાબદારી છે કે આ જહાજોને ઉચિત પ્રમાણપત્રો આપવામાં આવે અને માછલાં પકડવાની મંજૂરી આપવામાં આવે. દેશનાં પોતાના જળવિસ્તાર બહાર માછલાં પકડતા જહાજોનો દેશોએ વિગતવાર રેકર્ડ રાખવો.




ધ્વજ દેશો (માછલાં પકડવાના જહાજને ધ્વજ આપતા હોય તેવા દેશો) એ પણ ખાતરી કરવી જોઈએ કે તેમનાં જહાજ સલામત છે અને વીમો ધરાવે છે. વધુમાં, રાષ્ટ્રીય અને અથવા આંતરરાષ્ટ્રીય વિનિયમો અનુસાર જહાજો અને ગિયરને યોગ્ય રીતે નિશાની કરવી. વિદેશના વતનીઓનો સમાવેશ કરતાં અકસ્માતોને લગતી માહિતી સંબંધિત વિદેશી સરકારોને પૂરી પાડવી.

## બંદરો (પોર્ટ) દેશો

તાકીદના કારણસર બંદરમાં જહાજ હોય એવા કેસ સિવાયમાં જહાજે જવાબદારી રીતે માછલાં પકડયાં છે એની ખાતરી કરવામાં સહાય કરવા, વિદેશી માછલાં પકડવાના જહાજો પોતાના બંદરોમાં પ્રવેશ કરે ત્યારે નિરીક્ષણ જેવી કાર્યપદ્ધતિ દેશોએ અપનાવવી જોઈએ. ધ્વજ દેશ તેના જહાજો દ્વારા શક્ય ઉલ્લંઘનની તપાસ કરવા સહાય કરવાની

વિનંતી કરે ત્યારે બંદર દેશોએ જહાજ જ્યાં નોંધાયેલું છે (ધ્વજ દેશ) એ દેશને સહકાર આપવો.

બારાં અને ઉતરાણ સ્થળો માછલાં પકડવાના જહાજો માટે સલામત આશ્રયસ્થાન હોવા જોઈએ. આ સ્થળોએ જહાજોને સર્વિસ કરવા માટે, વિક્રેતા અને મત્સ્ય ખરીદનારા માટે સવલત હોવી જોઈએ. મીઠા પાણીનો પુરવઠો, સ્વચ્છતા, વ્યવસ્થા અને બગાડ નિકાલ પદ્ધતિની પણ જોગવાઈ કરવી જોઈએ.



## જળચર પાલનની વિકાસ


જળચરપાલનની વિકાસના પ્રાથમિક ઉદ્દેશ, માનવ વપરાશ માટે મત્સ્ય પુરવઠામાં વધારો કરતી વખતે પ્રજોત્પતિ વિવિધતા જાળવી રાખવાનો અને કુદરતી **(Wild)** મત્સ્ય વસતિ પર ઉછરેલ માછલાંની નકારાત્મક અસર ઓછી કરવાનો હોવો જોઈએ.

જળ (વિસ્તાર), અખાત અથવા જમીનની જગ્યા જેવાં સાધનોના ઘણીવાર એક કરતાં વધુ ઉપયોગ કરનારા દ્વારા ઉપયોગ કરવામાં આવે છે અથવા જુદા જુદા ઉપયોગ માટેની શક્યતા ધરાવતા હોય છે. સાધનોનો જુદા જુદા ઉપયોગ કરનાર વચ્ચે વિવાદ અને સંઘર્ષ નિવારવા માટે દેશો પાસે સાધનોનો વાજબી ધોરણે ઉપયોગ કરવામાં આવે અને ફાળવવામાં આવે એ સુનિશ્ચિત કરવાની નીતિ અને આયોજન હોવા જોઈએ.

જળચર પાલન વિકાસથી માછલાં પકડવાના સ્થાનોમાં પ્રવેશ હક્ક અને તેની ઉત્પાદકતા સહિત સ્થાનિક સમુદાયોના જવનનિર્વાહ પર નકારાત્મક અસર ન થાય એની ખાતરી કરવા દેશોએ પગલાં લેવા જળચરપાલનની પર્યાવરણલક્ષી અસરનાં દેખરેખ નિયમન અને મુલવણી માટે કાર્યપદ્ધતિ પ્રસ્થાપિત કરવી. આ ઊપરાંત, મત્સ્ય ઉછેરમાં વપરાતા ખોરાક (ચણ) અને રસાયણીક ખાતરના પ્રકાર પર દેખરેખ રાખવા કાળજી રાખવી. રોગ નિયંત્રણ ઔષધ અને રસાયણોના ઉપયોગ ઓછામાં ઓછો થવો જોઈએ

કેમ કે આની પર્યાવરણ પર અગત્યની નકારાત્મક અસરો થઈ શકે છે. જળચરપાલનના ઉત્પાદનની સલામતી અને ગુણવત્તા સુનિશ્ચિત કરવી એ પણ મહત્વનું છે.

દેશના જળવિસ્તારની બહાર મત્સ્ય ઉછેરની અસર થાય ત્યાં દેશોએ ઉછેર માટે માછલીની સ્થાનિક સિવાયની જાતો દાખલ કરતાં પહેલાં પડોશી દેશો સાથે ચર્ચા-વિચારણા કરવી જોઈએ. નવી જાતોથી થતા રોગો ઓછા કરવા દેશોએ, એક સ્થળેથી બીજા સ્થળે જલીય છોડવા અને પ્રાણી દાખલ કરવા કે તબદીલ કરવા માટે પરસ્પર સંમત વ્યવહાર કે વર્તનની સંહિતા પ્રસ્થાપિત કરવાની જરૂર છે. જળચર પાલન પરિયોજનાના આયોજનમાં જોખમી જાતો (સુધારણાત્મક પગલાં લેવામાં ન આવે તો મૃત્યુ પામે એવી જાતો) ના પુરવઠાના પુનઃસ્થાપન અને વધારો કરવા માટે દેશો તથા ઉદ્યોગે ટેકનિકો વિકસાવવી જોઈએ.




## દરિયાકાંઠાના વિસ્તાર વ્યવસ્થામાં મત્સ્યોદ્યોગનું એકીકરણ

દરિયાકાંઠાના સાધનો (ઉ.ત. પાણી, જમીન વગેરે ) નો કેવી રીતે ઉપયોગ કરવો અથવા પ્રદેશ માર્ગ નક્કી કરવામાં આવે ત્યારે તે વિસ્તારમાં રહેતા માછીમારો સહિત લોકોનો અને તેમની જીવનશૈલીનો વિચાર કરવો અને આયોજન પ્રક્રિયામાં તેમના અભિપ્રાય વિચારણામાં લેવા.

દરિયાકાંઠાના વિસ્તારનો જ્યાં અનેક ઉપયોગ થતો હોય ત્યાં માછીમારો અને અન્ય વપરાશકારો વચ્ચે સંઘર્ષ નિવારવા માટે મત્સ્યોદ્યોગ પદ્ધતિ હાથ ધરવી અથવા વિવાદ થતા હોય તો પ્રસ્થાપિત અને વાજબી કાર્યપદ્ધતિ અનુસાર તેનું સમાધાન કરવું. પડોશના દરિયાકાંઠાના વિસ્તારોવાળા દેશોએ દરિયાકાંઠાના સાધનોનું સંરક્ષણ અને સુવ્યવસ્થા કરવામાં આવે એ સુનિશ્ચિત કરવા એક બીજાને સહકાર આપવો.

## માછલાં પકડયા પછીની પદ્ધતિઓ અને વ્યાપારી જવાબદારીઓ



દેશોએ તેમના લોકોને માછલી ખાવા પ્રોત્સાહન આપવું જોઈએ. અને માછલાં અને માછલાંની બનાવટો સુરક્ષિત અને આરોગ્યપ્રદ છે એની ખાતરી કરવી જોઈએ. સરકાર દ્વારા દેખરેખ રાખીને અમલમાં મુકી શકાય એવા માછલીની ગુણવત્તાના ધોરણો ગ્રાહકોનું આરોગ્ય સાચવવા અને વાણિજિયક છળકપટ અટકાવવા (ઉ.ત. વેચાણ માટે આપવામાં આવતી માછલી વિશે ગ્રાહકોને ખોટી માહિતી પુરી પાડવી) નક્કી કરવા જોઈએ. વધુમાં દેશોએ સહિયારા સ્વચ્છતા પગલાં અને પ્રમાણન કાર્યક્રમો પ્રસ્થાપિત કરવા સહકાર સાધવો જોઈએ.

મત્સ્ય પ્રક્રિયા, હેરફેર અને સંગ્રહ કરવાની પદ્ધતિઓ પર્યાવરણની દ્રષ્ટિએ સંગીન હોવી જોઈએ. (આ પદ્ધતિઓની પર્યાવરણ પર ખરાબ અસર થવી ન જોઈએ) માછલાં પકડ્યા પછી ઘટ અને માછલાં પકડ્યા પછી થતો બગાડ ન્યુનતમ હોવો જોઈએ. બાય કેચ (માછીમાર ખરેખર પકડવા ન ઇચ્છતો હોય એવી માછલીઓ) નો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવો અને ખાસ કરીને, મત્સ્ય પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા પાણી અને ઉર્જા તથા લાકડા (Wood) ની સંભાળપૂર્વક વ્યવસ્થા કરવી. જ્યાં શક્ય હોય ત્યાં, ઉંચા મુલ્યવાળી અને પ્રક્રિયા કરેલ બનાવટોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવું કેમ કે આવી બનાવટો સામાન્ય રીતે માછીમારોને વધુ ઊંચી કિંમત મેળવી આપે છે.

માછલાં અને માછલાંની બનાવટોને લાગુ પડતા વેપારી કાયદા, સરળ, સ્પષ્ટ અને આંતરરાષ્ટ્રીય નિયમો સાથે સુસંગત હોવા જોઈએ. દેશો સમયાંતરે તેમના વેપારી કાયદા અને વિનિયમો ઘડે અને પુન:રાવલોકન કરે ત્યારે માછીમારો, પર્યાવરણલક્ષી સંગઠનો અને ગ્રાહક જુથો સાથે વિચારવિમર્શ કરવો જોઈએ. દેશ કાયદા અને વિનિયમોનો વિકાસ અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યારે બીજા દેશોને અધિસૂચિત કરવા અને તેમની આયાત અથવા નિકાસ કાર્યપદ્ધતિમાં જરૂરી એવા ફેરફારો દાખલ કરવા સમય આપવો.

એ મહત્વનું છે કે આંતરરાષ્ટ્રીય વેપારમાં, વપરાઈ ગયેલ સ્ટોક (વધુ પડતી માછલી પકડવામાં આવી હોય તેવો સ્ટોક) માથી લીધેલ માછલાંનો સમાવેશ થતો નથી અને જોખમી જાતોના વેપારના વિનિયમનના આંતરરાષ્ટ્રીય કરારોનું પાલન કરવામાં દેશોએ સહકાર આપવો. વધુમાં, મત્સ્ય અને મત્સ્ય બનાવટોના વેપારથી મત્સ્યોદ્યોગના સંરક્ષણ અને સ્થિર ઉપયોગ નબળા ન પડવા જોઈએ.

## મત્સ્યોદ્યોગ સંશોધન

દેશોએ સ્વીકારવું જોઈએ કે જવાબદારી પૂર્ણ મત્સ્યોદ્યોગ નીતિ માટે સંગીન વૈજ્ઞાનિક આધાર જરૂરી છે. તેથી દેશોએ સંશોધન સવલતો ઉપલબ્ધ બનાવીને યુવાન ટેકનિશિયનોની તાલીમને ઉત્તેજન આપવું. ઓછા વિકસિત દેશો અને નાના ટાપુના વિકસતા દેશોની જરૂરતો પ્રત્યે ખાસ ધ્યાન આપીને ટેકનિકલ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ દેશોને તેમના સંશોધન પ્રયાસોમાં સહાય કરવી જોઈએ.

સંશોધન હાથ ધરવા મત્સ્ય અને તેમના નિવાસ સ્થાનોની પરિસ્થિતિ પર દેખરેખ રાખવી અને આ પરિસ્થિતિના થતા કોઇ ફેરફારોનું નિરીક્ષણ કરવું. લક્ષ્યાંકિત મત્સ્ય વસતિ પર અને સામાન્ય પર્યાવરણ પર માછલાં પકડવાના જુદા જુદા પ્રકારના સાધનો ગિયરની અસરો અંગેની માહિતી એકઠી કરવી. દેશ જ્યારે ગિયર અથવા માછલાં પકડવાની નવી ટેકનીક વાણિજિયકરીતે દાખલ કરવાનું આયોજન કરે ત્યારે આ સંશોધન ખાસ કરીને મહત્વનું છે.


આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રયાસમાં દેશોએ જોડાવું જોઈએ. અન્ય દેશના જળવિસ્તારમાં સંશોધન હાથ ધરાતું હોય ત્યાં એ મહત્વનું છે કે સંશોધકો યજમાન દેશોએ એ સ્થળે લાગુ પાડેલ મચ્છીમારીના વિનિયમોનું પાલન કરે. માછીમારી અને સહાયક વૈજ્ઞાનિક માહિતી પ્રાદેશિક મત્સ્ય સંગઠનોને પુરી પાડવી અને શક્ય તેટલી ઝડપે બધા ઈચ્છિત દેશોને વિતરિત કરવી જોઈએ.

## પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહકાર

એ તદન સ્પષ્ટ છે કે દેશો અને પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંગઠનોએ મત્સ્યોદ્યોગને લગતી ઘણી બાબતોમાં સહકાર સાધનો જોઈએ. એક દેશે લીધેલાં વ્યવસ્થા પગલાં, ખાસ કરીને જ્યારે તેઓ સમાન મત્સ્ય સ્ટોકમાંથી માછલાં પકડતાં હોય ત્યારે બીજા દેશે

અપનાવેલાં આવાં પગલાં સાથે સુસંગત હોવાં જોઇએ. વધુમાં, પ્રાદેશિક સંસ્થાઓના સહકારથી મત્સ્યોદ્યોગ વિવાદમાં સંકળાવાની દેશોની સંભાવના ઓછી થશે. પરંતુ જ્યારે વિવાદ ઉભો થાય ત્યારે તેનુ બને તેટલી શક્ય ઝડપથી અને શાંતિમય રીતે સમાધાન કરવા બધા પ્રયાસ કરવા જોઈએ.

પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંગઠનોનું તેમના સભ્યો પાસેથી સંરક્ષણ, વ્યવસ્થા અને સંશોધન પ્રવૃતિઓનું ખર્ચ વસુલ કરવાનું ધ્યેય હોવું જોઈએ. આ ઉપરાંત, સ્થાનિક માછીમારોના સંગઠનોના પ્રતિનિધિઓને પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંગઠનોની કામગીરીમાં ભાગ લેવાની છુટ આપવી.




## આ બધાનો શુ અર્થ ?

દેશોની પાસે ડહાપણભરી નીતિ હોય અને જવાબદારી પૂર્ણ મચ્છીમારી અને ઉપયોગિતા પ્રથાઓનું પાલન કરવામાં આવે તો બદલાતા કુદરતી સાધન તરીકે માછલાંનો વર્ષો વર્ષ ઉતાર લઈ શકાશે. આવી જ રીતે, જળચર પાલન સાથે પર્યાવરણને હાનિ ન કરે એવા મત્સ્ય ઉછેરને પ્રોત્સાહન આપવું જોઈએ કેમ કે, આ પ્રકારનો ઉછેર સંવર્ધક સમુદાયો માટે અને તેમના દેશના અર્થતંત્રમાં મહત્વનો સામાજિક અને આર્થિક ફાળો આપશે.

મત્સ્યોદ્યોગ અને જળચરપાલન સાથે સંકળાયેલ બધા લોકો જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર-સંહિતાનો સફળાતપૂર્વક અમલ કરે તો એવી અપેક્ષા રાખી શકાય કે મત્સ્ય અને મત્સ્યોદ્યોગની બનાવટો આજની અને ભવિષ્યની પેઢીઓને વપરાશ માટે ઉપલબ્ધ થશે. હકીકતમાં આજે બેકાળજીભર્યો અને વધુ પડતા વપરાશથી ભવિષ્યમાં પેઢી માટે ઉપલબ્ધ માછલાંનો પુરવઠો તેઓ ઓછો ન કરે એ સુનિશ્ચિત કરવાની ચાલુ પેઢીની નૈતિક જવાબદારી છે.

જવાબદારી પૂર્ણ મત્સ્યોદ્યોગની આચાર - સંહિતા દેશો અને તેમના નાગરિકોને મત્સ્યોદ્યોગ સેકટરમાં સર્વગ્રાહી અને એકીકૃત નીતિઓ અમલમાં મુકવાનો અનુરોધ કરે છે, જેથી વધુ તંદુરસ્ત, વધુ સંગીન સેકટરમાં પરિણમે, સરવાળે આવું જવાબદારી પૂર્ણ વર્તન મત્સ્ય સ્ટોકના સુધારેલા દરજ્જો, ખોરાકની સલામતી અને સ્થિર આવક રાખવાન તકોમાં વધુ વિશ્વસનીય ફાળાના સંદર્ભમાં સારા પરિણામો આવશે.

વિશ્વના બધા રાષ્ટ્રો જવાબદારી પૂર્ણ મચ્છીમારીની પ્રથાનું અનુસરણ કરવામાં જોડાય તો આવનારી કેટલીયે પેઢી માટે પુષ્કળ મત્સ્ય પુરવઠો હશે. સંયુક્ત રાષ્ટ્ર અન્ન અને કૃષિ સંગઠનના મત્સ્યોદ્યોગ વિભાગને આશા છે કે આ પુસ્તિકા આપને માહિતી સભર જણાઈ હશે અને વિશ્વના મત્સ્યોદ્યોગ અને જળચરપાલનનો જવાબદારી રીતે વિકાસ અને વ્યવસાય કરવામાં આવે એ સુનિશ્ચિત કરવામાં આપ સહયોગ આપશો.



આ પુસ્તિકા જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર-સંહિતાના
કેટલાંક મહત્વનાં પાસાનું બિન ટેકનિકલ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.
આનો આશય, સંહિતાના ઉદ્દેશો અને હેતુઓ પ્રત્યે વધુ જાગૃતિ પેદા
કરવાનો અને બધા મત્સ્યોદ્યોગ અને જળચરપાલનમાં તે અસરકારક રીતે
લાગુ પાડવા પ્રોત્સાહન આપવાનો છે.

આ પુસ્તિકા આચાર સંહિતાનું સ્થાન લેતી નથી. પરંતુ સંહિતામાં સમાવિષ્ટ
કેટલીક જટિલ માહિતી, મત્સ્યોદ્યોગના બધા વપરાશકારોને વધુ સુલભ કરી
આપવાના પ્રયાસ તરીકે ફક્ત સરળ સ્વરૂપમાં રજૂ કરે છે.

Translation and Printing of this booklet has been arranged by the
Bay of Bengal Programme, 91, Saint Mary's Road, Abhiramapuram,
Chennai-600 018, India (Tel: # 91 44 4936188; Fax: # 91 44 4936102)